National Literacy Trust

Change your story

# વાતો કરતા કરતા ચાલો

**આ કાર્ડ્સનો ઉપયોગ તમે બહાર જઈ રહ્યાં હો ત્યારે તમારા શિશુ કે બાળક સાથે વાત કરવામાં તમને મદદરૂપ થવા માટે કરો. આમ કરવાથી તેઓની વાણી અને વાતચીતની આવડતો વિકસાવવામાં મદદ મળશે.**



જુઓ, સાંભળો અને વાતો કરો!

આમાં ભાગીદાર છે

Better Health Start for Life

# જુઓ, સાંભળો અને વાતો કરો.

## તમે તમારા બાળક સાથે કરેલી વાતોથી બાળકના ભવિષ્યમાં ફરક પડી શકે છે.




### શું તમે જાણો છો?

બાળક કોઇ શબ્દો બોલવાનું શરૂ કરે તે પહેલાં બાળક સાથે વાત કરવાથી બાળકને શીખવામાં મદદ મળે છે.

તેઓ કરેલા અવાજોની નકલ કરીને તેઓ સાથે ‘બડબડાટ’ ગપસપ કરવાનો પર્યત્ન કરો!



# શા માટે?




**બાળકના જીવનના પહેલા પાંચ વર્ષો મોટો પર્‌ભાવ પાડે છે. જે વિકાસ થાય છે તે બાળકના ભાવિ શિક્ષણ, ખુશી અને સુખાકારી સુધારવામાં મદદ કરે છે.**

તમે આ વિકાસમાં તમારાથી શક્ય હોય એટલી વાર તેઓ સાથે વાત કરીને અને તેઓને સાંભળીને, અને તેઓને નવી વસ્તુઓ ઓળખવામાં મદદ કરી શકો છો.


# કેવી રીતે?

- મૌલિક વિચારો માટે કાર્ડ્સ વાંચો, અને કાર્ડ્સને તમારી સાથે બહાર લઈ જાવ.
- તમારા બાળકની પાછળ ચાલો (તેઓને શેમાં રસ છે તે ધ્યાનમાં લો).
- તમે તમારા બાળક સાથે કરેલી દરેક વાતથી ફરક પડશે.



# તમે આ ધ્યાનમાં લઇને તેના વિશે વાત કરી શકો...

વસ્તુઓ જે જીવંત હોય, જે ખસતી હોય, જે તમે સાંભળી કે સૂંઘી શકો છો, આબોહવા, અક્ષરો અને સંખ્યાઓ, જુદી જુદી રીતે તમે ખસેડી શકો છો, ઢાંચાઓ (પેટર્ન્સ), ટેક્ષ્ચર્સ અને ઘણું.




# તમે આ કરી શકો છો:

ગણો

1234

નાની નાની વસ્તુઓ ધ્યાનમાં લો






ખાબોચિયામાં છાંટા ઉડાડો

જુદી જુદી રીતે હિલચાલ કરો




હું જાસૂસી કરું છું રમો





તમારી ઇન્દ્રિયોનો ઉપયોગ કરો



ગીત કે બાળગીત ગાવ



વાર્તા કહો કે ગીત બનાવો

# તમારા બાળકની પાછળ ચાલો. તેઓ કરી રહ્યાં હોય અને તેઓના ધ્યાનમાં આવેલી વસ્તુઓ વિશે વાત કરો.

**શું તમે જાણો છો?**

તમારું બાળક જે કરી રહ્યુ હોય તેમાં તમને રસ હોવાનું દેખાડવાથી તેઓનો વિશ્વાસ વધે છે.


એ એક સારો વિચાર છે! નાના નાના પગલાઓ ભરવાથી તમને સંતુલન રાખવામાં મદદ મળે છે
તમે જે કરી રહ્યાં હો તેના વિશે વાત કરો ત્યારે તેનાથી મને નવા શબ્દો શીખવા મળે છે

# તમે તમારા બાળક સાથે વાત કરો ત્યારે બાળકને વિચારવા અને જવાબ આપવા સમય આપો.

**ટોચનું સૂચન:**

તમે તમારા બાળક સાથે વાત કરો ત્યારે તમારા બાળકને જવાબ આપવા દેવા ઓછાંમાં ઓછી 5-15 સેકન્ડ રાહ જુઓ.


મને વિચારવા સમય આપો ત્યારે તેનાથી મને મદદ મળે છે
હું તેણી જવાબ આપે ત્યાં સુધી રાહ જોઉ ત્યારે, તેણી મને વધારે સારો જવાબ આપે છે

# તમારા બાળકે કાઢેલા અવાજો અને કહેલા શબ્દોનું પુનરાવર્તન કરો, અને એક કે બે વધારે અવાજો કે શબ્દો ઉમેરો.



**શું તમે જાણો છો?**

તમે તમારા બાળકે કહેલા શબ્દોની નકલ કરો ત્યારે, તે તેઓને બતાવે છે કે તમે સાંભળી રહ્યાં છો. વધારાનો એક શબ્દ કે બે શબ્દો ઉમેરવાથી તેઓ નવા શબ્દો, અને લાંબા વાક્યો કહેવાની રીત શીખે છે.


બિલાડી
હા, તે બિલાડીની પૂંછડી રૂંવાટીવાળી છે
દા દા દા, હા, બિલાડી
દાદાદાદા

# તમારી પાસે સમય હોય ત્યારે, થોડોક સમય કાઢો. ધીમા પડો અને તમે સાંભળતા હોવાનું તમારા બાળકને બતાવો.

**ટોચનું સૂચન:**

તમારું બાળક જે તે વસ્તુ જોઈ કે સાંભળી શકે તે માટે, બાળકને વધારે નજીકથી જોવામાં મદદ કરો.


આપણે વાત કરીએ ત્યારે
તમારો ચહેરો જોવાથી,
મને વાતચીત કરવાનું
શીખવામાં મદદ મળે છે
હું ધીમો પડું અને
તેમને મારું પૂરું
ધ્યાન આપું ત્યારે,
તે બહુ ખુશ જણાય છે

# તમે પૂછતા હો તે પ્રશ્નોના પ્રકાર વિશે વિચારો.

# શ્રેષ્ઠ પ્રશ્નો એ છે જે એક શબ્દનો જવાબ આપવાને બદલે વિચારવા માટે પ્રોત્સાહિત કરે.

### શું તમે જાણો છો?

તમે તમારા બાળકના બધાં પ્રશ્નોના જવાબ ન આપી શકો તો તે ઠીક છે. પુસ્તકાલયમાં જાવ અથવા જવાબો સાથે શોધવા ઇન્ટરનેટનો ઉપયોગ કરો.


હું આશ્ચર્યચકિત છું કે ગોકળગાય ક્યાં જઈ રહી છે?
?
મને લાગે છે કે ગોકળગાળ ચાલી રહી છે...

તમે જ્યારેપણ કરી શકો ત્યારે, તમારા દિવસ દરમિયાન જોવાનો, સાંભળવાનો, અને વાત કરવાનો સમાવેશ કરો.

તેનાથી તમારા બાળકની વાણી અને વાતચીતની આવડતોમાં મદદ મળશે.

National Literacy Trust

Change your story

## જો તમે તમારા બાળકની ભાષા વિકાસ વિશે ચિંતિત હો તો કૃપા કરી તમારા આરોગ્ય મુલાકાતી, કૌટુંબિક કેન્દ્ર્ અથવા બાળસંભાળ રાખનાર સાથે વાત કરો.

આમાં ભાગીદાર છે

Better Health Start for Life

અમે આ કાડ્ર્સ બનાવવામાં સ્પીચ અને લેંગ્વેજ થેરાપિસ્ટ્સ, શિક્ષકો, બાળપણ સંબંધિત વ્યાવસાયિકો અને માતા-પિતાઓ સાથે સલાહ-મસલત કરી, જેથી તમારા બાળકને મદદરૂપ થવામાં તમને મદદ મળી રહે.